નાણામંત્રાલયનો નવો રિપોર્ટ અને આઈએમએફનું અનુમાન

ભારતનો બીજા ક્વાર્ટરમાં ૭.૩૫% જીડીપી ગ્રોથ રહેવા અંદાજ

નવીદિલ્હી તા.૨૯

નાણા મંત્રાલયના તાજેતરના અંદાજ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ક્વાર્ટરમાં ભારતનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર ૭.૩૫% રહેવાની ધારણા છે. આર્થિક બાબતોના વિભાગના 'નાઉકાસ્ટિંગ' મોડલના આધારે આ તારણ કાઢવામાં આવ્યું છે. આ અગાઉ પ્રથમ ક્વાર્ટર માં દેશનો વિકાસ દર ૭.૮% નોંધાયો હતો. વૈશ્વિક સ્તરે અનેક આર્થિક પડકારો હોવા છતાં ભારતીય અર્થતંત્ર સતત મજબૂત ગતિએ આગળ વધી રહ્યું હોવાનું મંત્રાલયના ઓક્ટોબર મહિનાના આર્થિક અહેવાલમાં જણાવાયું છે.



નાણા મંત્રાલયે સાવચેત કર્યા છે કેસ આગામી મહિનાઓમાં અર્થતંત્ર સામે અમુક જોખમો યથાવત રહી શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના વધતા ભાવ, ખાદ્ય ચીજવસ્તુઓની મોંઘવારી, ખરીફ પાક અંગેની અનિશ્ચિતતા અને વિશ્વ સ્તરે છવાયેલી આર્થિક મંદી મુખ્ય ચિંતાઓ છે. વર્ષના બીજા ભાગમાં સરકાર અને નીતિ ઘડવૈયાઓનું મુખ્ય ધ્યાન આર્થિક વૃદ્ધિ જાળવી રાખવાની સાથે મોંઘવારીને નિયંત્રણમાં રાખવા પર રહેશે.

ભારતીય અર્થતંત્ર વધુ સ્થિર અને મજબૂત જોવા મળી રહ્યું છે. ઔદ્યોગિક ઉત્પાદન, વીજળી વપરાશ, પોર્ટ પર માલસામાનની હેરફેર, જીએસટી કલેક્શન અને વાહનોના વેચાણ જેવા મહત્વના આંકડાઓમાં બીજા ક્વાર્ટર દરમિયાન સારો એવો વધારો જોવા મળ્યો છે.

સપ્ટેમ્બર ૨૦૨૬માં છૂટક ફુગાવો વધીને ૫.૫૪% પર પહોંચી ગયો હતો, જે ઓગસ્ટ મહિના કરતાં ૭૧ બેસિસ પોઈન્ટ વધુ છે. આ વધારા પાછળ ખાદ્ય પદાર્થોના ઊંચા ભાવ (૭.૭૪%) અને ઈંધણની કિંમતોમાં થયેલો વધારો મુખ્ય કારણ છે. જોકે રાહતની વાત એ છે કે વપરાશની બાસ્કેટમાં આવતી લગભગ ૬૪% ચીજોનો ફુગાવો હજુ પણ આરબીઆઈના ૪%ના લક્ષ્યાંકથી નીચે અથવા તેની નજીક છે.

આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ (આઈએમએફ) દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના બીજી ક્વાર્ટર સમીક્ષામાં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૭.૩૫ ટકા રહેવાનું અનુમાન છે. પહેલા ક્વાર્ટરમાં આ દર ૭.૮ ટકા હતો, જે દર્શાવે છે કે, આર્થિક વિકાસની ગતિ થોડી સાવચેતીભરી હોવા છતાં મજબૂત બની રહી છે. આંતરરાષ્ટ્રીય મુદ્રા ભંડોળ એટલે કે,આઈએમએફે આખા વર્ષ માટે ભારતની વૃદ્ધિનું અનુમાન વધારીને ૭ ટકા કરી દીધું છે, જ્યારે વર્લ્ડ બેંક,ઓઈસીડી અને આરબીઆઈએ ૭.૧ ટકાનું અનુમાન વ્યક્ત કર્યું છે.

આર્થિક વિકાસની સાથે મોંઘવારીનું દબાણ વધ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં છૂટક મોંઘવારી દર વધીને ૫.૫૪ ટકા થઈ ગયો છે, જ્યારે ખાદ્ય મોંઘવારી ૭.૭૪ ટકા પર પહોંચી ગઈ છે. ડુંગળી, ખાંડ, ખાદ્ય તેલ અને ચોખાના ભાવમાં વધારો તેનું મુખ્ય કારણ છે. મોંઘવારી પર અંકુશ મેળવવા માટે આરબીઆઈએ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. આ ઉપરાંત, જૂનથી સપ્ટેમ્બર વચ્ચે સામાન્ય કરતા ૧૩ ટકા ઓછો વરસાદ થવાને કારણે કૃષિ ક્ષેત્ર અને પાક ઉત્પાદન પર પણ દબાણ સર્જાયું છે.

ભારતની અર્થવ્યવસ્થાની ગતિ મજબૂત બની પણ મોંઘવારીને નિયંત્રણમાં રાખવાનો પડકાર



અર્નબ વાવાઝોડાની અસરે આંધ્ર-ઓડીશા-પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદ

બંગાળની ખાડીમાં નવુ લો-પ્રેશરઃ વધુ એક વાવાઝોડાનું જોખમ

ચેન્નાઈ તા.૨૯

બંગાળની ખાડીમાંથી ઉદ્ભવેલા વાવાઝોડાએ આંધ્રપ્રદેશમાં ભારે તારાજી સર્જી છે અને અનેક રાજ્યોમાં ભારે વરસાદ વરસાવ્યો છે. ત્યારે બંગાળની ખાડીમાં જ વધુ એક લો-પ્રેસર સિસ્ટમ આકાર લઈ રહી છે. તે વધુ મજબુત બનવાના સંજોગોમાં વધુ એક વાવાઝોડાનું જોખમ ઉભુ થઈ શકે છે.

હવામાન નિષ્ણાંતો એ જણાવ્યું છે કે બંગાળની ખાડીમાં લો-પ્રેસર સર્જવા માટે સાનુકુળ સ્થિતિ ઉભી થઈ છે. અને તે વાવાઝોડામાં પરિવર્તીત થઈ શકે છે.તામિલનાડુના ઉતરીય ભાગો તરફ આગળ વધી શકે છે. આ સિસ્ટમ વાવાઝોડામાં પરિવર્તીત થાય તો ૧-૨ નવેમ્બરે ચેન્નાઈથી આંધ્રપ્રદેશનાં દરીયાકાંઠાની વચ્ચે ત્રાટકી શકે છે.

ચેન્નાઈ હવામાન વિભાગનાં ડાયરેકટર ડો.વી.આર.દુરાઈએ કહ્યું કે સિસ્ટમ પર વોચ રાખવામાં આવી રહી છે. જોકે અત્યારના તબક્કે સચોટ દિશાનો અંદાજ ન મુકી શકાય છતાં પ્રાથમીક રીતે તામીલનાડુના ઉતરીય

સિસ્ટમ શકિતશાળી બને તો ૧-૨ નવેમ્બરે વાવાઝોડાના સ્વરૂપે ત્રાટકી શકે

ભાગોમાં આગળ વધવાની સંભાવના છે.સીસ્ટમ મજબુત બન્યા બાદ વરસાદનો અંદાજ મુકી શકાશે. તામીલનાડુમાં સારો વરસાદ થઈ શકે છે. સિસ્ટમની મજબુતી અને દિશા સ્પષ્ટ થયા બાદ જ સચોટ આગાહી થઈ શકશે.

ખાનગી હવામાન નિષ્ણાંતોએ કહ્યું કે નવી સીસ્ટમ સ્ટ્રોંગ માલુમ પડી રહી છે. છતા તે વિકસીત થયા બાદ ચોકકસ અંદાજ નીકળી શકે છે.

દરમ્યાન આંધ્રપ્રદેશમાં ત્રાટકેલા અર્નબ વાવાઝોડાથી પશ્ચિમ બંગાળ, ઓડીશા સહીતના આસપાસનાં રાજ્યોમાં હવામાને યુ-ટર્ન લીધો છે અને અનેક ભાગોમાં ભારે વરસાદથી જળબંબાકાર સર્જાયો છે.

હવામાન વિભાગનાં કહેવા પ્રમાણે ઉતર ભારતમાં પણ હવામાન પલટાની સંભાવના છે. દિલ્હી-એનસીઆર, હરીયાણા, પંજાબ, ઉતર પ્રદેશમાં વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદ થવાની તથા તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના છે. દિલ્હી,હરીયાણા, ચંદીગઢ તથા પંજાબમાં બે દિવસ કરા વરસવાની પણ આગાહી કરવામાં આવી છે.ઉપરાંત પર્વતીય ભાગોમાં હિમવર્ષા થવાની સંભાવના છે.

નબળી-સાયબર સુરક્ષા ધરાવતી નાની નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓ ટાર્ગેટ

દેશમાં ચાઈનીઝ હેકર્સનો તરખાટઃ એનબીએફસીએ રૂા.૩૦૦ કરોડ ગુમાવ્યા

નવી દિલ્હીઃ દેશમાં બેન્કીંગ જેવી મર્યાદીત સેવા આપતી નોન-બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓ હવે સતત સાયબર-હુમલાનો શિકાર બની રહી છે તથા હાલમાં જ એક રિપોર્ટ મુજબ છેલ્લા બે માસમાં જ અનેક એનબીએફસીએ આ પ્રકારના સાયબર એટેકમાં રૂા.૩૦૦ કરોડ જેવી મોટી રકમ ગુમાવી છે તથા અનેક એનબીએફસીનો એકથી વધુ વખત આ પ્રકારના હુમલામાં નાણા ગુમાવ્યા છે. છેલ્લા દોઢ માસમાં આ પ્રકારના સાયબર હુમલા સતત વધી રહ્યા છે. ખાસ કરીને નાની એનબીએફસી જેની પાસે મજબૂત સાયબર સુરક્ષા નથી તે આ પ્રકારના હુમલાનો શિકાર વધુ બને છે. સાયબર સિકયોરિટી કંપનીઓની મદદથી હવે એનબીએફસી તેના નેટવર્કની સાયબર સુરક્ષા વધારવા માટે આગળ આવી છે. ખાસ કરીને આ પ્રકારનો સાયબર હુમલામાં ચાઈનીઝ હેકીંગ પ્લેટફોર્મ સાયબર સ્ટ્રાઈકની ભૂમિકા વધુ બહાર આવી છે. ચાઈનીઝ આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ ટુલકીટ- એજીકસ તથા સાયબર સ્ટ્રાઈક ઉપરાંત ચીનનું ઓપન સોર્સ એ.આઈ. મોડેલ ડીપસીક છે. ઉપરાંત અલીબાબાનું કવેન સહિતના ટુલનો ઉપયોગ કરીને આ પ્રકોરના એટેક થાય છે. ભારતમાં કુલ ૮૫૦૨ એનબીએફસી નોંધાયેલી છે પણ તેમાં રૂા.૧૦૦૦ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતી કંપનીઓ સૌથી વધુ છે અને ફકત ૧૦૦ જેટલી ટોચની એનબીએફસી જ અત્યંત મજબૂત સાયબર સુરક્ષા ધરાવે છે તથા જેના પર હુમલા થયા તેમ મુંબઈમાં ૩૦, દિલ્હીમાં ૨૫, ચેન્નઈમાં ૧૫ સહિતની કંપનીઓએ ફરિયાદ નોંધાવી છે તથા હવે તેના પર સંકલત તપાસ ચાલુ થઈ છે. મોટાભાગના હેકર્સ સીસ્ટમને જ સીધો ટાર્ગેટ કરે છે. જેના કારણે તેઓનું કામ સરળ થઈ જાય છે. ખાસ કરીને પહેલા ઈન્કવાયરી સર્વિસના નામે ડેટા ચોરી થાય છે પછી એ.આઈ.ને કામગીરી સોપી દેવાય છે જે આ ડેટા પરથી હેકીંગ ટુલ બનાવે છે અને પછી તે સીસ્ટમમાં ઘુસાડી દે છે.

ડીપસીક સહિતના ચાઈનીઝ ટુલકિટ પરથી હેકર્સ સાયબર હુમલાનું મોડેલ બનાવે છેઃ ડેટા ચોરી બાદ હુમલો

ડિજિટલ એરેસ્ટના બનાવો પર સુપ્રીમ કોર્ટનું સખ્ત વલણ

પીડિતોને તમામ નાણા બેન્કમાંથી અપાવવાની વ્હેલાસર વ્યવસ્થા બનાવો

નવી દિલ્હી તા.૨૯

ડિજિટલ અરેસ્ટ દ્વારા થતા સાયબર ફ્રોડ પર સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે કહ્યું છે કે, આવા ફ્રોડના કિસ્સામાં ખાલી ગુનેગારો જ નહીં, પણ બેંક્રોના કર્મચારીઓની બેદરકારી અને બેંક્રોની નિષ્ક્રિયતાની પણ તપાસ થવી જોઈએ. એવી વ્યવસ્થા બનાવવી જોઈએ, જેમાં બેંક્રની જરૂરી તપાસમાં બેદરકારીના કારણે ફ્રોડ થવા પર પીડિતને તેના ખાતામાંથી ઉપાડવામાં આવેલી આખી રકમ પાછી મળે.

ચીફ જસ્ટિસની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની બેન્ચે ડિસેમ્બરમાં લાગુ થનારા ઈન્ડિયન પ્રસ્તાવિત નવા ક્રિમિનલ સંશોધન નિર્દેશોની પણ સમીક્ષા કરવાની વાત કહી છે. કોર્ટે કહ્યું કે, રિઝર્વ બેંક્રના પ્રસ્તાવિત નિયમોમાં વળતરને ફરજિયાત બનાવવા પર

સાયબર ફ્રોડના કિસ્સામાં બેન્ક કર્મચારીઓની બેદરકારી અને બેન્કોની બેદરકારીની તપાસ જરૂરી

વિચાર થવો જોઈએ. જો તપાસમાં કોઈ નાણાકીય સંસ્થાની બેદરકારીના કારણે ડિજિટલ અરેસ્ટ અથવા સાયબર ફ્રોડની વાત સામે આવે છે તો તે સંસ્થાને પીડિતને સંપૂર્ણ રકમનું વળતર આપવું જોઈએ.

બેંક્રોને જવાબદાર બનાવવા પર ભાર આપતા ચીફ જસ્ટિસે કહ્યું કે, બેંક્રો કરોડો રૂપિયાની લોનનું નિવારણ વન ટાઈમ સેટલમેન્ટ દ્વારા કરી નાખે છે. પછી તે ડિજિટલ ફ્રોડના પીડિતોને તેમના પૈસા પાછા અપાવવાના કિસ્સામાં જવાબદાર કેમ ન બની શકે? અટર્ની જનરલ આર. વેંકટરમનીએ કોર્ટને જણાવ્યું કે, જો કોઈ કર્મચારીની બેદરકારી સામે આવે છે તો તેમની જવાબદારી નક્કી થવી જોઈએ.

ઈરાન-ઈઝરાયલ યુધ્ધ વચ્ચે

ઓમાન નજીક કચ્છના જહાજ પર ડ્રોન હુમલો

મસ્કત તા.૨૯

વર્તમાન સમયમાં મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષની જ્વાળાઓ હવે અરબીસમુદ્ર સુધી પહોંચી ગઈ છે, જેમાં કચ્છના માંડવીનું એક ભારતીય જહાજ ભીષણ હુમલાનો શિકાર બન્યું છે. ઓમાન નજીક મધદરિયે જઈ રહેલા 'એમએસવી કુબા' નામના જહાજ પર અચાનક ડ્રોન એટેક કરવામાં આવ્યો હતો. આ ખતરનાક હુમલાને કારણે જહાજમાં આગ ભભૂકી ઉઠી હતી અને તે મધદરિયે જ સળગી ઉઠ્યું હતું. આ ઘટનાથી દરિયાઈ વેપાર અને સુરક્ષા એજન્સીઓમાં ભારે ચિંતા અને દોડધામ મચી ગઈ છે.

આ હુમલો થયો ત્યારે જહાજ પર કુલ ૧૩ ખલાસીઓ સવાર હતા, જેઓ જીવના જોખમે મુશ્કેલીમાં મુકાયા હતા. સદ્નસીબે, સમયસર હાથ ધરાયેલા બચાવ ઓપરેશનના કારણે ૧૧ ખલાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં સફળતા મળી છે. જો કે, આ ભીષણ હુમલામાં ૨ ખલાસીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેને ત્વરિત સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ તમામ ખલાસીઓ કચ્છના માંડવી પંથકના સાથે સંકળાયેલા હોવાથી તેમના પરિવારજનો અને સ્થાનિક લોકોમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ભારતીય સુરક્ષા એજન્સીઓ અને સબંધિત તંત્ર દ્વારા આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે જેથી દરિયાઈ માર્ગે અવરજવર કરતા નાગરિકો અને જહાજોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

સંભવિત કટોકટીની તૈયારી કરતા પાંચ દેશો

પ્રજાને રેશન, પાણી, દવા, ટોર્ચનો સંગ્રહ કરવા અપીલ

લંડન તા.૨૯

છેલ્લા કેટલાક દિવસોમાં, ઘણા દેશોએ તેમના નાગરિકોને સતર્ક રહેવા અને આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહ કરવા વિનંતી કરી છે. આનાથી બ્રિટનથી યુનાઈટેડ સ્ટેટ્સ સુધીના રોજિંદા જીવન પર અસર પડી છે. બ્રિટિશ શહેરોમાં કરિયાણાની દુકાનો પર લાંબી લાઈનો જોવા મળી રહી છે. આ ચેતવણીઓ માટે કારણો સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યા નથી. જ્યારે બ્રિટન એઆઈ સાયબર હુમલાઓથી ચિંતિત છે, ત્યારે જાપાન ભૂકંપની તૈયારી કરી રહ્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સ મોટા સંઘર્ષની તૈયારી કરવાની વાત કરી રહ્યું છે. નોર્વે અને જર્મનીએ પણ ચેતવણીઓ જારી કરી છે. આનો અર્થ એ છે કે પાંચ દેશો કટોકટીની તૈયારી કરી રહ્યા છે.

બ્રિટનમાં ગ્રોસરી સ્ટોર્સ પર લાંબી લાઈનો લાગીઃ જાપાનમાં પણ એલર્ટ જારી કરાયુ

જાપાન અને બ્રિટને તેમના નાગરિકોને કટોકટી માટે તૈયાર રહેવા વિનંતી કરી છે. તેઓએ તેમના ઘરોમાં ૩-૪ દિવસનો આવશ્યક પુરવઠો સંગ્રહ કરવો જોઈએ. આમાં ખોરાક, પાણી, દવા, ટોઈલેટ પેપર, ફ્લેશલાઈટ અને રોકડનો સમાવેશ થાય છે. જાપાને તેના નાગરિકોને ત્રણથી પાંચ દિવસ માટે ખોરાક, પાણી અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહ કરવા કહ્યું છે. આ સલાહ એટલા માટે આપવામાં આવી છે કારણ કે બંને દેશોની સરકારો કુદરતી આફતો, સાયબર હુમલાઓ અને મોટા પાયે વિક્ષેપો જેવી અચાનક કટોકટી માટે લોકોને વધુ સારી રીતે તૈયાર કરી રાજધાનીની નીચે એક મોટો ભૂકંપ, કુરિલ અને જાપાન ખાઈ નજીક એક મોટો ભૂકંપ અને માઉન્ટ ફુજી પર જ્વાળામુખી ફાટી નીકળવાનો સમાવેશ થાય છે.

યુકેઃ યુકેએ ત્યારથી આ સંદેશનું પુનરાવર્તન કર્યું છે. સરકારે જંગલની આગ, ગંભીર હવામાન, સાયબર હુમલાઓ, પ્રતિકૂળ દેશો અને સંગઠિત ગુનાઓ સંબંધિત ધમકીઓનો પણ ઉલ્લેખ કર્યો છે. યુકેની સલાહ યુરોપિયન કમિશન જેવી જ છે. ધ્યેય એ છે કે જો કટોકટી સેવાઓ અથવા સરકારી સહાય બંધ થાય તો પરિવારો ઓછામાં ઓછા થોડા દિવસો માટે પોતાનો બચાવ કરી શકે. યુકેઃ યુએસ પેન્ટાગોન ઇચ્છે છે કે યુએસ ભૂમિ પરના તેના પાયા ઓછામાં ઓછા ૯૦ દિવસ સુધી બાહ્ય પુરવઠા વિના કાર્યરત રહે, એટલે કે તેમની પાસે પોતાની વીજળી, પાણી, બળતણ અને સંદેશાવ્યવહાર પ્રણાલી હોવી જોઈએ.

ફીનિક્સ આર્ક પ્રાઇવેટ લિમિટેડ

Phoenix ARC

રજિસ્ટર્ડ ઓફિસઃ ૩જે માળે, વાલેસ ટાવર, ૧૩૯/૧૪૦/બી/૧, સહાર રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેનું ક્રોસિંગ, વિલે પાર્લે(પૂ), મુંબઈ-૪૦૦ ૦૫૭
ટેલિઃ ૦૨૨- ૬૮૪૬૨૪૫૦, ફેક્સઃ૦૨૨- ૬૭૪૧૨૩૧૩ CIN: U67190MH2007PTC168303;
ઈમેઈલ: info@phoenixarc.co.in, ðuçkMkkRx:www.phoenixarc.co.in.

અસ્કયામતનું ઓન લાઇન ઈ-હરાજી વેચાણ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨, (ટૂંકમાં સરફૈસી કાયદો તરીકે ઉલ્લેખાય છે) નિયમો,૨૦૦૨(ટૂંકમાં નિયમો)ના હેઠળ મળેલ સત્તાની રૂએ અને અહીં જણાવેલ દેવાદાર જામીનદાર ગીરોદારોની સિક્યોર્ડ અસ્કયામતના કબજા સંદર્ભમાં અધિકૃત અધિકારી સાથે સદર સરફૈસી કાયદા અને નિયમો હેઠળ સિક્યોર્ડ લેણું વસૂલવા માટે, અધિકૃત અધિકારીએ સિક્યોર્ડ અસ્કયામતને હરાજીમાં વેચાણ કરવાનું નક્કી કરેલ છે. અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને દેવાદાર, ગીરોદારો અને જામીનદારોને વિશેષ રૂપે નોટિસ આપવાની કે નીચે આપેલ મિલકત ફીનિક્સ આર્ક પ્રાઈવેટ લિમિટેડ જે પોતાની ક્ષમતામાં ફીનિક્સ ટ્રસ્ટ-એક વાય ૨૫-૨ના ટ્રસ્ટી તરીકે કાર્યરત (ફીનિક્સ)/(ફીનિક્સની તરફેણમાં ૨૭.૦૩.૨૦૨૫ના રોજ એચડીએફસી બેંક લિમિટેડ દ્વારા કરાયેલ સોંપણીના કરાર દ્વારા દેણાઓની કરાયેલ સોંપણી મુજબ) પાસે ગીરવે મૂકેલ છે, જેનું વેચાણ કંપનીનું લેણું વસૂલવા માટે 'જેમ છે જ્યાં છે', 'જે કાંઇ છે તે છે' અને 'કોઈના આશ્રય વિના' ના આધારે 'ઓનલાઇન ઈ-હરાજી'થી લેણી રકમની તેમ જ નીચે જણાવ્યા મુજબ આગળના વ્યાજ, ચાર્જેસ અને ક્રોસ્ટ્સ વગેરેની વસૂલાત માટે સરફૈસી કાયદાની જોગવાઈઓને ને ધી સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮અને ૯ની સાથે વંચાણે લેતા હેઠળ નીચે આપેલી વિગતે વેબસાઇટ https://www.bankeauctions.com મારફતે થશેઃ

દેવાદારનું નામ	શ્રી નીતિનભાઈ ધનશ્યામભાઈ મહેતા શ્રીમતી જ્યોત્સનાબેન નીતિન મહેતા
લેણી રકમ રૂા.	સરફૈસી કાયદાની કલમ કલમ ૧૩(૨) હેઠળ આપેલ ડિમાન્ડ નોટિસ તા. ૩૧.૧૦.૨૦૧૮ મુજબ તા. ૨૯.૧૦.૨૦૧૮ના રોજ રૂ. ૩. ૧,૪૭,૭૨,૪૪૩ /- (અંકે રૂપિયા એક કરોડ સુડતાલીસ લાખ બોંતેર હજાર ચારસો તેંતાલીસ પૂરા)
સરફૈસી કાયદો, ૨૦૦૨ હેઠળ લેવાયેલ કબજો	ફિઝિકલ કબજો લીધા તા. ૨૪.૦૨.૨૦૨૫
નિરીક્ષણની તારીખ	વિનંતી પરથી
બીડ (ઈ-હરાજી) જમા કરાવવાની છેલ્લી તારીખ	૧૯મી નવેમ્બર ૨૦૨૬ (મંગળવાર) સાંજના ૬.૦૦ પહેલાં
અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી)	૩.૨૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ લાખ પૂરા) ઈએમડી રકમ આરટીજીએસ દ્વારા 'ફીનિક્સ ટ્રસ્ટ-એક વાય ૨૫-૨'ની તરફેણમાં ખાતું : ૫૫૪૮૯૩૧૮૦૯, કોટક મહિન્દ્રા બેંક લિમિટેડ, શાખા: કાલિના, મુંબઈ, આઇએફએસસી કોડ: 'KKBK0000631'માં જમા કરાવવી.
રિઝર્વ કિંમતઃ	૩.૨,૫૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે કરોડ પચાસ લાખ પૂરા)
બીડમાં વધારોઃ	૩.૧.૦૦ લાખ અને એના ગુણાંકમાં.
ઈ-હરાજીની તારીખ	૨૦મી નવેમ્બર ૨૦૨૬ (મંગળવાર) સવારે ૧૧:૦૦થી બપોરે ૧૨:૦૦ સુધી
ઈ-હરાજીની પદ્ધતિ	ઓનલાઈન- ઈ-હરાજી
હરાજી થનાર સિક્યોર્ડ અસ્કયામતનું વર્ણન	પાંચમો માળ, યુનિટ-બી/૫૦૭/એ, મોન્ટીલ સ્ક્વેર, એસ નં. ૮૩૩/પી, ૮૮૧/પી અને ૮૩૪, એફપીઃ ૧/૧, પાર્શ્વનાથ બિઝનેસ પાર્કની બાજુમાં, એસજી હાઇવે અમદાવાદ ૩૮૦૦૫૪
ટેન્ડર દસ્તાવેજો માટે લિંક	https://phoenixarc.co.In?p=6892

નિયમો અને શરતોઃ

૧. હરાજી વેચાણ સરફૈસી કાયદાની જોગવાઈઓ હેઠળ અધિકૃત અધિકારી દ્વારા ઈ-હરાજીની મદદ અને પદ્ધતિથી થશે. હરાજી/બિડિંગ માત્ર 'ઓનલાઈન ઇલેક્ટ્રોનિક મોડ'થી વેબસાઇટ https://www.bankeauctions.com પર થશે અને ઈ-હરાજી માટે પ્લેટફોર્મ માટે સીપ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ સર્વિસ પ્રોવાઇડર છે.

૨. હરાજી બિડિંગ માત્ર ઓનલાઈન ઇલેક્ટ્રોનિક મોડથી વેબસાઇટ પર અને ઈ-હરાજી માટે પ્લેટફોર્મ માટે સીપ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ સર્વિસ પ્રોવાઇડર છે. ઈ-હરાજી બીડ દસ્તાવેજમાં બતાવેલ નિયમો અને શરતોએ અને એમાં દર્શાવેલ પ્રક્રિયા મુજબ થશે. બીડરો ફીનિક્સની વેબસાઇટ તેમ જ https://phoenixarc.co.In?p=6892 પર પણ અને સર્વિસ પ્રોવાઇડરની વેબસાઇટ www.bankeauctions.com પણ બીડ દસ્તાવેજો, હરાજીમાં મુકેલ સિક્યોર્ડ અસ્કયામતોની વિગતો /બીડ ફોર્મ મેળવવા માટે જોઈ શકશે.

૩. બીડરો ઈ-હરાજીમાં પોતાની ઓફિસો/પોતાની પસંદગીની જગ્યાએથી ક્વોટિંગ/બિડિંગ દ્વારા ભાગ લઈ શકે છે. દરેક બીડરે જાતે ઈન્ટરનેટ કનેક્ટિવિટીની વ્યવસ્થા કરવાની રહેશે. અધિકૃત અધિકારી/ ફીનિક્સ /સર્વિસ પ્રોવાઇડર ઇન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ફેશ ડાઉન, પાવર ફેલ્યર વગેરે માટે જવાબદાર ગણાશે નહીં.

૪. ઈ-હરાજીની વિગતો, મદદ, પ્રક્રિયા અને ઓનલાઇન તાલીમ માટે ઈચ્છુક બીડરો શ્રી ભાવિક પંડ્યા, મે. સી ૧ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, સંપર્ક નં. ૯૧-૧૨૪-૪૩૦૨૦૨૦/૨૦૨૧/ ૨૦૨૨/૨૦૨૩/૨૦૨૪,૯૧-૮૮૬૬૬૮૨૨૩૭/૦૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬, ઈમેઇલ આઇડી: support@ bankeauctions.com/ maharashtra@c1india.com નો સંપર્ક કરી શકે છે.

૫. ઇચ્છુક ખરીદદારો/બીડરો ઈ-હરાજી માટે મૂકાયેલ સિક્યોર્ડ અસ્કયામતની વિગતો ચકાસવા/બીડ ફોર્મ મેળવવા માટે ઉપર જણાવ્યા મુજબ ફીનિક્સની વેબસાઇટ જોઈ શકે છે.

૬. ઈ-હરાજી ઉપર જણાવેલ તારીખે અને સમયે થશે, જ્યારે ઉપર ઉલ્લેખ કરેલ સિક્યોર્ડ અસ્કયામત 'જેમ છે જ્યાં છે', 'જે કાંઇ છે તે છે' અને 'કોઈના આશ્રય વિના' ના આધારે થશે.

૭. તમામ ઇચ્છુક ખરીદદારો/બીડરોએ તેમના નામ ઉપર જણાવેલ પોર્ટલ https://www.bankeauctions.com પર નોંધાવવાના રહે અને ઉપર જણાવેલ તારીખે અને સમયે ઈ-હરાજીમાં ભાગ લેવા નિઃશુલ્ક યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા.

૮. ઈ-હરાજીમાં ભાગ લેવા, ઇચ્છુક ખરીદદારો/બીડરોએ સિક્યોર્ડ અસ્કયામતની રિઝર્વ કિંમતના ૧૦% રિફંડેબલ અર્નેસ્ટ મની ડિપોઝીટના ચૂકવણાની વિગતો ઉપર જણાવ્યા મુજબ ઈએમડી જમા કરાવવાની છેલ્લી તારીખે કે તે અગાઉ, ટેન્ડર દસ્તાવેજમાં દર્શાવ્યા પ્રમાણે પાન કાર્ડની, કેપનીના કિસ્સામાં બોર્ડના ઠરાવની અને સરનામાના પુરાવાની નકલ સાથે આપવાની રહેશે.

૯. સફળ ખરીદદાર/બીડરે પોતાની ઓફરના ૨૫% રકમ(ઈએમડીની રકમ સહિત) આરટીજીએસ/નેફ્ટ દ્વારા સંબંધિત ખાતામાં ઉપર જણાવેલ ઈ-હરાજીની તારીખે અથવા પછીના તરતના દિવસે બેંકના ક્લાકો પૂરા થાય એ અગાઉ જમા કરાવી દેવાના રહેશે, જે ફીનિક્સ દ્વારા ખાત્રી કરાશે, એમાં કસૂર થયેથી વેચાણ નિષ્ફળ ગયું ગણાશે અને સદર સફળ બીડરની ઈએમડી જપ્ત થઈ જશે.

૧૦. ઈ-હરાજીમાં નિષ્ફળ અન્ય તમામ બીડરોની ઈએમડી ફીનિક્સ દ્વારા ઈ-હરાજી પત્યેથી ૫ કામકાજ દિવસમાં પરત કરાશે. અર્નેસ્ટ મની ડિપોઝીટ પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે.

૧૧. ખરીદીની બાકીની ૭૫ રકમ સફળ ખરીદદાર/બીડરે અધિકૃત અધિકારી/ સિક્યોર્ડ લેણદાર દ્વારા સદર સિક્યોર્ડ અસ્કયામતનું વેચાણ નક્કી થયાની તારીખથી દિન ૧૫(પંદર)માં અથવા અધિકૃત અધિકારીની સૂઝબૂઝ મુજબ લેખિતમાં સંમતિ આપીને વધારેલ સમયગાળામાં જમા કરાવવાની રહેશે. એમાં કસૂર થયેથી ત્યાં સુધી જમા કરાવેલ તમામ રકમ જપ્ત થઈ જશે.

૧૨. સિક્યોર્ડ અસ્કયામત મિલકતના નિરીક્ષણ માટે અથવા વધારે માહિતી માટે ઈચ્છુક બીડરો સુશ્રી જાહ્નવી માને/શ્રી સુરેશ વરિયમનો નીચેના ઈમેઈલ સરનામે janhvi.mane@phoenixarc.co.in /suresh.variyam@phoenixarc.co.in (ઇમેઈલ) પર અથવા ૮૬૫૫૮૭૩૬૪૦/૭૫૦૬૪૯૦૦૩૬ (મોબ.) પર સંપર્ક કરી શકે છે. ૧૩. ઈ-હરાજીના કોઈ પણ તબક્કે અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના કે અગાઉથી નોટિસ આપ્યા વિના બીડ/ઓફર સ્વીકારવી/નકારવી/સુધારવી/રદ કરી કે ઈ-હરાજી વેચાણ પાછું ઠેલી શકે છે.

૧૪. સફળ ખરીદદાર/બીડરે સ્ટેચ્યુટરી લેણા, ટેક્સેસ, ચૂકવવાપાત્ર ફીઝ, સ્ટેમ્પ ડ્યૂટી, રજિસ્ટ્રેશન ફીઝ વગેરે લાગુ પડતા કાયદા અનુસાર પોતાની તરફેણમાં સિક્યોર્ડ અસ્કયામત મિલકત કરાવી લેવા/આપવા માટે ચૂકવવા જરૂરી હોય તે ચૂકવવાના રહેશે.

૧૫. તમામ સ્ટેચ્યુટરી/નોન-સ્ટેચ્યુટરી લેણા, ટેક્સેસ, દરો, આકારણી ચાર્જેસ, ફીઝ, સોસાયટીના લેણા વગેરે કોઈ પણ સત્તા/બોર્ડ/સોસાયટી વગેરેના હશે ત